Australian Government

# બહુસાંસ્કૃતિક માળખાની સમીક્ષા (Multicultural Framework Review)

## બહુસાંસ્કૃતિક માળખાની સમીક્ષાની પ્રસ્તુતિ

ઓસ્ટ્રેલિયાની સરકાર બહુસાંસ્કૃતિક માળખાની સમીક્ષાનો અહેવાલ રજૂ કરતાં હર્ષ અનુભવે છે.

આ સમીક્ષામાં ઓસ્ટ્રેલિયાના બહુસાંસ્કૃતિક સમાજની સ્થિતિની તપાસ કરવામાં આવી છે અને તેની ક્ષમતા પર આધારિત તથા તેને સમકાલીન પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવતાં કાયદાઓ, નીતિઓ અને સંસ્થાકીય વ્યવસ્થાઓમાં ફેરફારની ભલામણ કરવામાં આવી છે.

ત્રણ પ્રખ્યાત ઓસ્ટ્રેલિયનો - ડૉ. Bulent Hass Dellal AO, કુ. Nyadol Nyuon OAM અને કુ. Christine Castley - એ આ સમીક્ષા કરી હતી. સમીક્ષા પેનલને જાણકાર અને સંબંધિત સંદર્ભ જૂથની મદદ મળી હતી, જેમાં હતાં: શ્રી Osmond Chiu; કુ. Swati Dave; કુ. Rana Ebrahimi; શ્રી Bachar Houli; શ્રી John Kamara; કુ. Premila Levaci અને શ્રી Mohammad Al-Khafaji.

સરકારે સમીક્ષા વિશેની માહિતી ૩૩ ભાષાઓમાં લેખિતમાં અને ૩૫ ભાષાઓમાં શ્રાવ્ય માધ્યમમાં પ્રકાશિત કરી હતી અને રજૂઆતો કરવા આમંત્રણ આપ્યું હતું. પેનલને ૭૯૬ રજૂઆતો મળી હતી, જેમાંથી ૧૨૬ અંગ્રેજી સિવાયની ભાષામાં હતી, તેમાં શું વિચારો રજુ થયા છે તેની જાણ કરવા પછી તેમનું ભાષાંતર કરવામાં આવ્યું હતું. તેમાં ૪થી ૨૪ વર્ષનાં યુવાન લોકોને પણ ચિત્રોથી તેમનાં અનુભવો અને આપણાં બહુસાંસ્કૃતિક સમાજ વિશેનાં મંતવ્યો વ્યક્ત કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમની ૧૦૩ કળાકારિગીરીઓ અહીં https://www.homeaffairs.gov.au/about-us/our-portfolios/multicultural-framework-review/online-art-exhibition જોઇ શકાય છે.

## આપણી બહુસાંસ્કૃતિક સફળ ગાથાને ટકાવી રાખીએ

ઓછામાં ઓછા ૬૫,૦૦૦ વર્ષોથી મૂળનિવાસીઓ અને ટોરસ્ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોએ આ ખંડની ઘણી સંસ્કૃતિઓને ટકાવી રાખી છે. તેઓએ વસાહતીકરણના સમયથી તેમને નાબૂદ કરવાના પ્રણાલીગત અને કેટલીકવાર હિંસક પ્રયત્નોનો પ્રતિકાર કર્યો છે. સફળ બહુસાંસ્કૃતિકવાદની શરૂઆત પ્રથમ રહેવાસીઓના ઇતિહાસ અને સંસ્કૃતિઓની વધુ સમજણ મેળવીને અને તેને પ્રસિધ્ધ કરીને થાય છે.

આમ તો, ઓસ્ટ્રેલિયા ખંડમાં સ્થળાંતરની શરૂઆત ૧૭૮૮થી થઇ હતી, પણ ૧૯૪૫થી ઓસ્ટ્રેલિયાએ ૭૫ લાખ સ્થળાંતરકર્તાઓને આવકાર્યા છે, જેમાં ૯૫૦,૦૦૦થી વધુ શરણાર્થીઓ અને માનવતાવાદી જરૂરિયાવાળા લોકોનો સમાવેશ થાય છે. આ ગહન છતાં શાંતિપૂર્ણ પરિવર્તનો રાષ્ટ્રીય શક્તિ અને ગૌરવનો સ્રોત છે.

# સમીક્ષાનાં મુખ્ય તારણો

૧૪૩૦થી વધુ વ્યક્તિઓનો અને ૭૫૦ સંસ્થાઓનો અભિપ્રાય લેવા માટે પેનલે આખા ઓસ્ટ્રેલિયાની મુસાફરી કરી હતી. મળેલ ઘણાં બધાં ગહન અભિપ્રાયોમાંથી પેનલે નોંધ્યું હતું કે:

- ભેદભાવ થતાં અટકાવવા, સમાન તકોને પ્રોત્સાહન આપવા અને મજબૂત જાહેર સેવાઓની સુલભતા પૂરી પાડવા માટે સરકારે કાયદાઓ અને નીતિઓ તો સ્થાપિત કરવી જ જોઇએ, પણ આપણા બહુ સાંસ્કૃતિક સમાજને ટકાવી રાખવા માટે ઓસ્ટ્રેલિયાને ઘર કહેનારા તમામ લોકોની પણ જવાબદારીઓ છે.
- પ્રાદેશિક સમુદાયો વધુને વધુ સાંસ્કૃતિક રીતે વૈવિધ્યસભર છે અને તે બહુસાંસ્કૃતિક કથાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.
- ઓસ્ટ્રેલિયાના લોકોનાં વૈવિધ્યસભર જીવનને આકાર આપતાં ઘણાં પરિબળો છે. સરકારે નીતિ બનાવતી વખતે ભેદભાવના આંતરછેદનના સ્વરૂપોને ધ્યાનમાં લેવા જ જોઇએ.
- ઓસ્ટ્રેલિયાના બહુસાંસ્કૃતિક ભવિષ્યને વ્યાખ્યાયિત કરશે તેવા યુવાનો, નીતિ-નિર્માણની વિચારણાના કેન્દ્રમાં હોવા જોઇએ.

પેનલની ૨૯ ભલામણો સમીક્ષાના ત્રણ મુખ્ય સિદ્ધાંતોમાંથી ઉદ્ભવે છે:

- **જોડાણ** – સરકારના તમામ સ્તરો અને સમુદાયો વચ્ચે નેતૃત્વ, આયોજન અને જવાબદારી દ્વારા બહુસાંસ્કૃતિ ઓસ્ટ્રેલિયાનો પાયો નાખવો.
- **ઓળખ અને પોતીકાપણું** – અંગ્રેજી ભાષાના કાર્યક્રમો, નાગરિકતા નીતિ અને કળા, સંસ્કૃતિ, રમતગમત અને પ્રચાર માધ્યમમાં ભાગીદારી દ્વારા આવકારદાયક ઓસ્ટ્રેલિયા બનાવવું.
- **સમાવેશકતા** – જાહેર સેવાઓમાં સાંસ્કૃતિક ક્ષમતાનું નિર્માણ કરવું, ગ્રાન્ટ પ્રોગ્રામને કસ્ટમાઇઝ કરવું, ડિજિટલ સમાવેશ અને મજબૂત ભાષા સેવા ક્ષેત્રની ખાતરી કરવી અને યુવા લોકો અને પ્રાદેશિક વિસ્તારોની અનન્ય જરૂરિયાતોને પૂરી કરવી.

આ ઓસ્ટ્રેલિયાના બહુસાંસ્કૃતિકવાદની અત્યાર સુધીની સૌથી નોંધપાત્ર અને વિચારશીલ સમીક્ષાઓમાંની એક છે. ઓસ્ટ્રેલિયાની બહુસાંસ્કૃતિક વ્યવસ્થા તમામ ઓસ્ટ્રેલિયાનોની પ્રતિભાનો ઉપયોગ કરે તે સુનિશ્ચિત કરવાની અમારી પ્રતિબદ્ધતા પર આગળ વધીએ તે માટે સરકાર માળખાંના સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધ છે અને તેનાથી માર્ગદર્શન મેળવશે.